ગાંધીનગર સમાચાર

તા. ૨૮-૨-૨૦૧૨, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી.....

### શું એ નબીરાઓને ગરીબોની લોહિયાળ ક્રાંતિ ખપે છે?

સમૃધ્ધ ગુજરાતીઓની નવી પેઢી કેટલી બેજવાબદાર અને બેફામ બની ગઈ છે એના દાખલા આપણાં અખબારોની હેડલાઈન બની છાશવારે ચમકતા રહે છે. કયારેક નવા વરસની ઉજવણી નિમિત્તે નશીલી અદાઓ દ્વારા તો કયારેક બેફામ કાર ડ્રાઈવિંગથી નિર્દોષોની જિંદગી કચડી નાખીને આ નબીરીઓ એમનાં 'હીરોઈઝમ'ના પરચા પૂરા પાડતા રહે છે. તાજેતરમાં અમદાવાદના પોસ જજ બંગલોઝ વિસ્તારમાં બનેલી અરેરાટી ભરી ઘટનામાં મોંઘીદાટ બીએમડબલ્યુના ચાલકે દોઢસો કિ.મી.ની અનિયંત્રિત ઝડપે ગાડી હંકારીને બે બાઈક સવાર મધ્યમ વર્ગના મિત્રોને હડફેટે લીધા, જે પૈકી શિવમ દવે તે જ સમયે અને એનો બીજો સાથી રાહુલ પટેલ બે દિવસ રિબાયા પછી રામશરમ થયા છે. બીએમડબલ્યુ કારનો ચાલક તાબડતોબ બીજી લકઝરી કારમાં ફરાર થઈ ગયો અને પોલીસ એને પકડવાના મુદ્દે અવઢવ અનુભવતી રહી, કારણ કે એના તાર વગદાર સત્તાધારી પાર્ટીના આગેવાનો સુધી પહોંચતા હતા. કારના પાસિંગ નંબર પરથી એ કાર જાણીતા આઈસર્જનની હોવાનું બહાર તો આવ્યું પરંતુ પોલીસના હાથ એમના રાજકીય સંબંધોનો ખ્યાલ આવતાં જ બંધાઈ ગયા. યુરોપ, અમેરિકા કે ઑસ્ટ્રેલિયા જેવા દેશોમાં આવી ઘટના બની હોત તો ગુનેગાર ભલે એ દેશના વડાપ્રધાન કે રાષ્ટ્રપ્રમુખનું સંતાન કેમ ન હોય, પણ કાયદાએ કાયદાનું કામ કરી દીધું હોત. અમદાવાદના નવ વિકસિત પશ્ચિમ વિસ્તારના ધનકુબેરોના નબીરા વારંવાર છાટકા થઈને એમની સમૃધ્ધિનું અને બુધ્ધિનું વરવું પ્રદર્શન સરખેજ-ગાંધીનગર હાઈવે પર બેફામ સ્પીડે મોંઘીદાટ ગાડીઓ અને બાઈકો દોડાવી કરતા રહે છે. એમને સરકાર પર આડકતરી રીતે છાવરતી રહે છે. પોલીસ અધિકારીઓ તો એમનાથી લિટરલી ડરતા હોય છે, કારણ કે એમની ખફગી વહોરવાથી એ ખાખી વર્દીધારીઓની બદલી પણ થઈ શકે અને બઢતી પણ અટકી શકે છે! ગુજરાતની પ્રતિષ્ઠાને માથે આ વરવું કલંક છે, પરંતુ જેમને જીવ ગુમાવવો પડે છે એમની વાત સાંભળે છે જ કોણ? ન્યાયતંત્ર પણ આખરે તો નાણાતંત્રની શેહમાં જીવતું હોય છે. સર્વે ગુણા: કાંચનમ્ આશ્રયન્તે. રાજકારણના આટાપાટામાં અટવાયેલા લોકલાડીલા મુખ્યમંત્રીએ આ મુદ્દે પણ થોડું ધ્યાન આપવાની જરૂર છે, એમ નથી લાગતું? ગાંધીનગરના પૉશ સેકટરમાં સુરતના ધનકુબેરની ગાડીના પૈડા નીચે ગરીબ શ્રમજીવીના કાળજાનો કટકો કચડાઈ જાય ત્યારે એને કોઈ મોટી ઘટના નથી ગણતું. થોડા દિવસ આપીને કેસ સમેટી લઈ શકાય છે. આ પરિસ્થિતિ કયાં સુધી ચાલશે? શું આ સૃષ્ટિમાં ફક્ત સંપત્તિવાન લોકોને જીવવાનો અધિકાર છે? પેલો જાણીતો ફિલ્મી ડાયલૉગ યાદ આવે છે : તુમ્હારા ખૂન ખૂન; તો હમારા ખૂન કયા પાની હૈ?

તુલસીદાસે કહ્યું છે કે ગરીબની હાય કયારેય ખાલી જતી નથી. કયારેક એ લોઢાને પણ ભસ્મીભૂત કરી દેતી હોય છે. શું ગુજરાતના ધનકુબેરોના નબીરા એમના બેજવાબદાર સંપત્તિ-પ્રદર્શન અને અમનાવીય વર્તણૂક દ્વારા લોહિયાળ ક્રાંતિને નિમંત્રણ આપવા માગે છે?

## ઉત્સવ થીમ આધારીત જીઆઈપીએસના વાર્ષિકોત્સવ 'રંગોત્સવે' જમાવ્યો રંગ

ગાંધીનગર, તા.૨૭

જુદા જુદા થીમ આધારિત



વાર્ષિકોત્સવની રંગત હાલમાં જામી છે. તાજેતરમાં રાંધેજા સ્થિત ગાંધીનગર ઈન્ટરનેશનલ સ્કુલ દ્વારા રજુ કરાયેલ વાર્ષિતોત્સવ 'રંગોત્સવ'માં વિવિધ ઉત્સવો-તહેવારો આધારિત થીમની રજુઆતોમાં વિદ્યાર્થીઓએ જીવ રેડી દીધો હતો. સ્ટેજ પર આબેહુબ રચાતા વિવિધ પર્વો-ઉત્સવોની ઉજવણીના દ્દશ્યોએ પ્રેક્ષકોને આનંદિત કર્યા હતા. પ્રેક્ષકોએ શાળાના બાળકો દ્વારા પ્રસ્તુત કરાયેલી કૃતિઓને તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.

ભારતીય સંસ્કૃતિ એક માત્ર એવી સંસ્કૃતિ છે જેમાં દરેક દિવસ કોઈને કોઈ પર્વ-ઉત્સવની ઉજવણી થાય છે. આથી જ ગાંધીનગર ઈન્ટરનેશનલ સ્કુલ દ્વારા વર્ષદરમિયાન ઉજવાતા વિવિધ પર્વોની થીમ આધારિત વાર્ષિકોત્સવ 'રંગોત્સવ'ની પ્રસ્તુતી કરી હતી. વિવિધ વેશભૂષામાં સજ્જ જીઆઈપીએસના બાળ કલાકારોએ જાન્યુઆરી માસમાં આવતી ઉત્તરાયણ, ગણતંત્ર દિવસ, તે પછીના માસમાં ઉજવાતા પર્વો જેવા કે વસંત ઉત્સવ, હોળી, શિવરાત્રી, રામનવમી, ગુજરાતનો સ્થપના દિન, વિશ્વ પર્યાવરણ દિવસ, વિશ્વ સંગીત દિવસ, ગુરૂ પૂર્ણિમા, સ્વતંત્રતા દિવસ, રક્ષાબંધન, જન્માષ્ટમી, ગણેશ ચતુર્થી, નવરાત્રી, દિવાળી, બાળદિન, ગુરુ નાનક જયંતિ અને ક્રિસમસ જેવા પર્વોની ઉજવણી કરતી લાગણીસભર રજુઆત કરવામાં આવી હતી.

કાર્યક્રમના પ્રારંભે જીઆઈપીએસના ટ્રસ્ટી રાજુભાઈ ચૌધરી, મેનેજીંગ ડીરેકટર અરવિંદભાઈ શાહ, પ્રાચાર્યશ્રી રંજનબેન વૈદ્ય તેમજ મુખ્ય અતિથિ શ્રી જયકર ભોજક દ્વારા દીપ પ્રાગટય



કરવામાં આવ્યું હતું. આ સાથે જ તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામો અને ટ્રોફી આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતાં.




હવે થોડો સમય ખુલ્લામાં સુવું પડશે, ગાંધીનગરમાં 'રેનબસેરા' યોજના ડીકલેર થઈ ચૂકી છે...!!

## ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહના ચોથા સેમેસ્ટરનો વિદ્યાર્થીઓની ફી-રસીદનું પહેલીથી વિતરણ

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદી જણાવે છે કે રાજયની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના માર્ચ-૨૦૧૩ સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ ધોરણ-૧૨ (જૂનો કોર્સ) તેમજ સેમેસ્ટર-૪ની ફી-રસીદનું વિતરણ તા. ૧-૩-૨૦૧૩ શુક્રવારના રોજ વિતરણ કરવામાં આવનાર છે. સામાન્ય પ્રવાહ તથા વિજ્ઞાન પ્રવાહની ઉ.મા. શાળાના આચાર્યશ્રીઓએ પોતાના અધિકાર પત્ર સાથે જિલ્લાના વિતરણ સ્થળે સવારે ૧૧.૦૦ થી ૧૬.૦૦ કલાક સુધીમાં સામાન્ય પ્રવાહ તેમજ વિજ્ઞાન પ્રવાહ (જૂનો કોર્ષ) અને સેમેસ્ટર-૪ની ફી-રસીદ મેળવી લેવાની રહેશે. જેની રાજયની તમામ ઉચ્ચત્તર માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓએ નોંધ લેવા વિનંતી છે.

## સર્વ વિદ્યાલય કડી સંચાલિત પ્રાથમિક શાળાઓનો વાર્ષિકોત્સવ : માતૃ-પિતૃ વંદના થીમ ઉપર ઉજવાયો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત કેમ્પસની ચાર પ્રાથમિક શાળાઓના સંયુકત ઉપક્રમે વાર્ષિકોત્સવ અને ઈનામ વિતરણ કાર્યક્રમ ગત તારીખ ૨૬ ફેબ્રુઆરી ૨૦૧૩ને મંગળવારના રોજ યોજાઈ ગયો. જેમાં સમારંભના અધ્યક્ષ તરીકે કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન વલ્લભભાઈ પટેલ તથા ઉદઘાટક તરીકે ડૉ. ટી.એસ. જોષી તથા અતિથિ વિશેષ તરીકે ભરતભાઈ પટેલ તથા ભગીની સંસ્થાના આચાર્યશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ સમારંભમાં કેમ્પસની પ્રાથમિક શાળાઓમાં સર્વ પ્રથમ આવનાર તેમજ તેજસ્વી તારલાઓ તથા વિવિધ ઈતર પ્રવૃત્તિઓમાં નંબર મેળવનાર વિદ્યાર્થીને પૂજય દાસ કાકા તથા પૂજય દિવાળી બા રોકડ સ્મૃતિ પુરસ્કાર તથા શિલ્ડ તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમમાં બાળ કલાકારો દ્વારા માતૃ-પિતૃ વંદના થીમ ઉપર આધારિત સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરેલ તેમાં ઉપસ્થિત સર્વ મહેમાનશ્રીઓએ આ કાર્યક્રમને બિરદાવેલ તથા તેજસ્વી તારલાઓને અભિનંદન પાઠવ્યા હતા.

આ કાર્યક્રમનું સંપૂર્ણ આયોજન કેમ્પસની શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા દ્વારા કરેલ અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના મદદનીશ શિક્ષક ચંદ્રકાંતભાઈ પટેલ તથા જયશ્રીબેને કરેલ હતું.

## આજે હીરામણી સ્કૂલ ખાતે વિદ્યાથીઓનું સન્માન કરાશે

ગાંધીનગર સરખેજ હાઈ-વે પર સ્થિત જનસહાયક ટ્રસ્ટ સંચાલિત હીરામણી સ્કૂલના અંગ્રેજી-ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ અને સંસ્થાના ક્રિકેટરોને સન્માનીત કરવાનો કાર્યક્રમ આજે સવારે ૧૦.૩૦ કલાકે હીરામણી ઓડીટોરીયમ ખાતે યોજાશે. જેમાં સર્વ વિદ્યાર્થીગણ તેમજ વાલીઓને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## આલમપુર વિદ્યાલયમાં શુભેચ્છા - વિદાય સમારંભ

ગાંધીનગર, તા. ૨૭

આલમપુર આદર્શ વિદ્યાલયના ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓને વિદાય શુભેચ્છા સમારંભ યોજાયો હતો. આચાર્ય લાલભાઇ દેસાઇ, મદદનીશ શિક્ષક મગનભાઇ પટેલનો વિદાય સમારંભ તથા ઇનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. મધુર ડેરીના ચેરમેન ડો. શંકરસિંહ રાણાના મુખ્ય મહેમાન પદે હતા. જેમને વિદ્યાર્થીનોને પ્રોત્સાહન આપ્યું હતું. આલમપુર, લેકાવાડા, દશેલાના ગ્રામજનો, આચાર્યાઓએ હાજરી આપી હતી. યુકો બેંક તરફથી વિદ્યાર્થીઓને પેનની શુભેચ્છા ભેટ આપી હતી. શ્રીમલી હેમાબેન દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું.

## સ્વામીનારાયણ ગુરૂકુલ ટીમ વૉલીબોલમાં ચેમ્પિયન

ગાંધીનગર, તા. ૨૭

સ્પોર્ટસ ઓફ ઈન્ડિયા દ્વારા ગાંધીનગર શહેરમાં વોલીબોલ સ્પર્ધાનું આયોજન થયું હતું. જેમાં ગુરૂકુળની ટીમે વિજય હાંસલ કર્યો હતો. ફાઈનલ મેચમાં રમનારા વિદ્યાર્થીઓ ડામોર કશ્યપ, સિસોદીયા કુલદિપ, પરમાર મહેન્દ્ર, વાઘેલા નિહીલ,, આહિર નરેશ, કાતરીયા કૌશિક હતા. જેમને સ્પોર્ટસ ઓફ ઈન્ડિયા દ્વારા મેડલ, ટ્રોફી અને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. તે બધાને પુ. શાસ્ત્રી રામકૃષ્ણ સ્વામીજી અને આચાર્ય ઉમંગએ વાસાણીએ અભિનંદન પાઠવ્યા હતા.

વોલીબોલ રમતમાં ગાંધીનગર શહેર પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરે ગુરૂકુલની ટીમ રહી હતી. ગુરૂકુલે પોતાનું સ્થાન જાળવીને ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. રાજયમાં ૨૨ વિદ્યાર્થીઓ પસંદ પામ્યા હતા.

## ગાંધીનગર સેકટર-૮ની પ્રાથમિક શાળામાં 'વાંચન પર્વ' સપ્તાહ યોજાયો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લામાં વિવિધ પ્રાથમિક શાળામાં 'વાંચન પર્વ' સપ્તાહની ઉજવણી કરવા માટે સરકારના પરિપત્ર કરવામાં આવ્યા હતા તેના અનુસંધાને સેકટર-૮ પ્રાથમિક શાળા ખાતે ગત તારીખ ૧૮ ફેબ્રુઆરીથી ૨૩ ફેબ્રુઆરી દરમિયાન 'વાંચન પર્વ' ઉજવવામાં આવ્યું હતું. જેમાં શાળાના વિવિધ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ ભાગ લઈ વાંચન પર્વને સફળ બનાવ્યું હતું. આ સપ્તાહ દરમિયાન જુદા જુદા પ્રોજેકટો રજુ કરવામાં આવ્યા હતા. જેમાં શાળાના બાળકો દ્વારા સરકારી ગ્રંથાલય સેકટર-૧૭ની મુલાકાત લીધી હતી તેમજ બાળકો દ્વારા પોત પોતાના સેકટરોના પાંચ ઘરની મુલાકાત લઈ તેમના ઘરમાં વંચાતા પુસ્તકોની નોંધ કરી હતી. તેમજ પેપરમાં આવતા રાજકીય, રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય રમત વિજ્ઞાન અંગેના સમાચારોનું કટીંગ કરી અંક બનાવ્યા હતા.

આ વાંચન પર્વમાં પ્રથમ બે નંબર લાવનાર વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જેમાં મુખ્ય વાંચન સ્પર્ધામાં સ્નેહલ ભુપેન્દ્ર ગોહિલ અને સુનિતા ભરતભાઈ રાવળ વર્તમાનપત્ર વાંચન સ્પર્ધામાં આરતી ભરવાડ, પૂનમ દંતાણી, મુખ વાંચન સ્પર્ધામાં કાજલ જીવણભાઈ રત્નોતર, ઉર્મિલા દિનેશભાઈ પરમાર, મુખ વાંચન સ્પર્ધામાં શિવાની સોલંકી, અંજલી ઠાકોર, નિયમિત પુસ્તકોની વાંચન સ્પર્ધામાં કૌશિક હરિજન, સ્નેહલ ગોહિલ, જે સ્પર્ધાઓમાં શિક્ષકો માટે પણ અન્ય પુસ્તકોના વાંચનની સ્પર્ધા યોજાઈ હતી, જેમાં મિતલબેન પટેલ અને દિવ્યાબેન પંડયા વિજયી થયા હતા.

## પ્રેરણા વિદ્યાલયમાં વિદ્યાર્થીઓને ચિંતન અંગેનું માર્ગદર્શન અપાયું

ગાંધીનગર, તા. ૨૭

પ્રેરણા વિદ્યાલય ગાંધીનગર ખાતે વીકેર ફાઉન્ડેશનના પ્રમુખ જે.સી. પટેલ દ્વારા માઈન્ડ પાવર તેમજ સ્ટુડન્ટ મોટીવેશનનો કાર્યક્રમ યોજાયો હતો. વી કૅર ફાઉન્ડેશનના કિશોરભી સિતાસીયા, પ્રકાશભી બારોટ હાજર રહ્યાં હતાં.

વિદ્યાર્થીઓને યાદશક્તિ વધારવા ધ્યાન અને યોગનું મહત્વ સમજાવ્યું હતું. શાળાના ટ્રસ્ટી પ્રદિપભાઈ સિંહ બિહોલા, આચાર્યા સ્વાતિબા રાઓલે વી.કૅર ફાઉન્ડેશનનો આભાર માન્યો હતો.

## કડી સર્વ વિદ્યાલયમાં માધ્યમિક અને ઉચ્ચતર શાળાઓનો વાર્ષિકોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૨૭

સર્વ વિદ્યાલય કડી સંચાલિત ગાંધીનગર શાળાની વિવિધ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના તેજસ્વી તારલાઓને પૂજય છગનભા, પૂજય દાસકાકા અને પૂજય દિવાળીબા પુરસ્કાર અર્પણ સમારોહ અને વાર્ષિકોત્સવ તા. ૪ ફેબ્રુઆરી સોમવારને સવારે ૮.૪૫ કલાકે ખીમજી વિસરામ એન્ડ સન્સ સંસ્કાર ભવન સર્વ વિદ્યાલય કેમ્પસ સેકટર-૨૩ ખાતે યોજાશે. જેમાં સર્વ વિદ્યાર્થીઓને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

આ કાર્યક્રમની શરૂઆતમાં પ્રાર્થના, દિપ પ્રાગટય, સ્વાગત ગીત, મહેમાનોનું સ્વાગત અને પરિચય, સાંસ્કૃતિક કાર્યક્રમ ભાગ-૧, ઈનામ વિતરણ, પ્રાસંગિક પ્રવચન, અધ્યક્ષનું ઉદબોધન સાંસ્કૃતિક ભાગ-૨ અને અંતે આભાર દર્શન કરવામાં આવશે. સમારંભના અધ્યક્ષ તરીકે કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ડૉ. કનુભાઈ પટેલ અને મુખ્ય મહેમાન તરીકે પ્રભાબેન ભરતભાઈ પટેલ, ભરતભાઈ લાલદાસ પટેલ સહિત જયેશભાઈ એન્ડ ટીમ ઉપસ્થિત રહેશે.

## "આપણે બધાંને કઇ બ્રાન્ડ ચા પીવી એની મૂંઝવણ હોય છે... લાલાકાકાને તો રોજ પનુભાઇ બ્રાન્ડ મફતિયા ટી પીવાની હોય પછી એમને એવી કોઇ ચિંતા ખરી?"

### ગુરૂવારની ગપસપ

- પ્રકાશ લાલા

"હાશ, હજી ચોકઠા પરિષદમાં કેટલી શાંતિ છે, નહીં?" પંચાલભાઈએ તમાકુ મિશ્રિત પીચકારી ધરતીમાતાને અર્પણ (!) કરતાં અચાનક કહ્યું.

ઠંડીનું જોર ઘટવા માંડ્યું તું એટલે અમારા ચોકઠા પરિષદની રાત્રિ બેઠકનું અને એમાં સભ્યોની હાજરીનું જોર વધવા માંડ્યું હતું. એવી રાત્રિ બેઠકમાં રોજનાં કાયમી સભ્યો અમે, ઑડિટર, દરજીભાઈ, કુલકર્ણીજી, મોંમાં સતત મસાલો ચાવતાં રહેતા પંચાલ અને કયારેક કયારેક ટપકી પડતાં કર્મકાંડી ભટ્ટજી, શૅરબજારના ઈન્ડેક્ષની વધઘટ સાથે જેમનાં મૂડમાં ફેરફાર નોંધાયા રહે છે. એવા ગાંધી (બાપુ નહીં, હોં!) તથા હમણાં તાજો તાજો ચોકઠાવાસી બનેલો યુવાન અભિજીત અને વાઘેલા બાપુ ભેગા થઈને બેઠા બેઠા અંદરોઅંદર ક્રિકેટથી લઈને કેટરિના અને બજેટથી માંડીને બસ ભાડાં સુધીનાં વિષયો પર ચર્ચાઓ કરી રહ્યાં હતા ત્યાં જ પંચાલે કહ્યું : "હાશ, હજી કેટલી શાંતિ છે, નહીં?"

"એટલે?" અમે પૂછ્યું.

એણે અમારા સવાલનો જવાબ આપવાના બદલે ફરી પીચકારી મારી કહ્યું : "અલ્યા, જેને જે કહેવું હોય ને બોલવું હોય તે કહી નાખજો... પછી ચાન્સ નહીં મળે!!"

"મતલબ? મી. પંચાલ તુમ્હી કાય સાંગતો?" પંચાલની વાત ન સમજાતાં કુલકર્ણીએ પૂછ્યું.

"ના સમજાયું? અરે, લાલાકાકા નથી આવ્યા ત્યાં સુધી શાંતિ છે. એ આવ્યા નથી કે એમની જાતજાતની, નોનસ્ટોપ વાતો શરૂ થઈ નથી... પછી અશાંતિ જ અશાંતિ... અને બીજાને તો એ બોલવા જ નહીં દેને! શું કહો છો પનુભાઈ?"

પંચાલની વાતનો અમે શું જવાબ આપીએ... અમે મૂક સંમતિ આપી.

"પનુભાઈ, બે દિવસ પહેલાં તમે લાલાકાકાને કોઈ પ્રોગ્રામમાં લઈ ગયાં હતા?" પંચાલે અમને પૂછ્યું.

"લઈ નહોતો ગયો. એ પરાણે આવ્યા હતા. 'ભજન સંધ્યા' કાર્યક્રમમાં. પણ કેમ?"

"અરે, બીજે દિવસે સવારે અંકલ મને શોપીંગ બજારે ભટકાઈ ગયેલા. મને ઊભો રાખીને કહે : અલ્યા, પેલા કબીરના જમાનામાંય આજની જેમ સાહેબોની ચમચાગીરી ચાલતી હતી નહીં? મેં પૂછ્યું : કેમ એમ કહો છો, કાકા? તો બોલ્યા : કાલે સંગીતના પ્રોગ્રામમાં એક જણે ગાયું હતું કે કબીર કહે કમાલ કો, દો બાતેં શીખ લે, કર સાહેબકી બંદગી ભૂખે કો અજા દે..."

"ઓહ!" અમે માથું કૂટ્યું : "રેડ અંકલને કેમ સમજાવવું કે કબીરે જે 'સાહેબ'ની બંદગીની વાત કરી છે તે ઓફિસનાં 'બોસ'ની ચમચાગીરીની નહીં, જગતના - આપણાં સૌના સાહેબ એટલે કે પ્રભુની પૂજાની વાત છે."

અમારી વાત સાંભળી લાલાકાકાની કમાલ પર બધા હરી પડ્યા...

અમે ઉમેર્યું : "કાકાને ગીત-સંગીતમાં સમજ પડે નહીં ને તોય જો

> "કબીરે દોહામાં કહ્યું છે કે કર સાહેબ કી બંદગી... તે અલ્યા, કબીરના ટાઇમમાંય સાહેબોની ચમચાગીરી ચાલતી હશે નહીં!!" લાલાકાકા ઉવાચ

ખબર પડે કે એમે એવા પ્રોગ્રામમાં જઈએ છીએ તો પરાણે પાછળ લટકી જ ગયા સમજો. ને ચાલુ પ્રોગ્રામમાં મોટે મોટેથી એવા તો પ્રશ્નો ને કોમેન્ટ કરતાં રહે કે અમારે શરમનાં માર્યા મરી જવું પડે!"

"હેં?"

"હા... ગયા વીકમાં રેડ અંકલ અમારી સાથે સુગમ સંગીતના કાર્યક્રમમાં આવી ગયેલા. ગાયિકાએ ગાયું કે છેલાજી રે... મારે હાટુ પાટણથી પટોળાં મોંઘા લાવજો... તો કાકા બોલી ઊઠ્યાં : રહેવા દે બેન, રહેવા દે... પટોળાનાં ભાવ ખબર છે? બિચારો તારો છેલાજી છોલાઈ જશે... આજુબાજુવાળા અમારી સામે કતરાવા માંડેલા."

બધા પાછા અમારી વાત પર હસી પડ્યા. દરજીભાઈ બોલ્યા : "લાલાકાકા તો લાલાકાકા જ છે..."

ને ત્યાં જ "તુમને પુકારા ઔર હમ ચલે આયે" કહેતા લાલાકાકાએ એન્ટ્રી મારી.

"થીંક ઑફ ડેવિલ એન્ડ હી ઈઝ હિયર... શેતાનને યાદ કરો ને એ હાજર!!" પંચાલે કાકાના કાને ના પડે એમ કોમેન્ટ કરી.

"શું ચાલે છે? મારા વગર બેઠક જામતી નહીં હોય, રાઈટ?" અંકલે બધાની વચ્ચે જગ્યા કરીને ગોઠવાતાં કહ્યું.

"હા... ને તમે એવી જમાવો છો કે પછી ઉખડવાનું નામ નથી લેતા..." આ વખતે દરજીભાઈએ સહેજ કાતર ચલાવી.

એ અડધું પડધું સાંભળી ગયેલા રેડ અંકલે ચિડાઈને કહ્યું : "એ કાતર... એ મેજર ટેપ જરૂર બધાને સંભળાય એમ બોલને ભઈ. શું કહેતો હતો તું, હેં?"

"અંકલ, હું તો... હું તો... ના... કંઈ નહીં... હાં... હું કહેતો હતો કે જગત દ્વિધાઓ - મૂંઝવણોથી ભરેલું છે..." અંકલના એટેકથી બધવાઈ ગયેલા દરજીભાઈ પહેલાં તત...પપ... કરીને પછી જે જીભે ચઢ્યું ભળથું જે બોલી ઊઠ્યાં.

એ સાંભળી લાલાકાકા "હો... હો... હો..." કરતા હાઈ વૉલ્યુમ હસી પડ્યા અને બોલ્યા : "બસ, તમારા લોકોનું આ જ દુ:ખ છે, વાત વાતમાં મૂંઝાઈ જવાનું ને ટેન્શન કરવાનું... ભઈ, જીવનનું નામ જ દ્વિધા... એ તો આવે ને જાય... આપણે ટેન્શન શું કામ લેવાનું...? શું મૂંઝવણ સતાવે છે તમને..?"

"અંકલ, મૂંઝવણનો તો પાર નથી હોતો. સવારમાં ઊઠીએ ત્યાંથી શરૂ કરીને રાત્રે સૂઈ જિએ ત્યાં દરેક વાતમાં - ડગલે ને પગલે મન દ્વિધા અનુભવતું જ રહે છે..."

દરજીભાઈએ પોતાની વાતના સમર્થનમાં આગળ ચલાવ્યું.

"ઉદાહરણ તરીકે?" અંકલે "કાકા, સવારે દાંત સાફ કરવા કઈ ટૂથપેસ્ટ વાપરવી? આ મૂંઝવણના કહેવાય?"

"હા.. હોં... ટીવી ને રેડિયોને અખબારોમાં જાહેરખબરોનો એવો મારો ચાલતો હોય છે કે નક્કી જ ન કરી શકીએ કે કઈ બ્રાન્ડ સારી, કંઈ ખરાબ!!" યુવાન અભિજીતે વાતમાં જોડાતા કહ્યું.

"રાઈટ! ટૂથપેસ્ટ જ નહીં, ટૂથબ્રશ, સાબુન, શૅમ્પુ, શેવિંગ ક્રીમ આણી બ્લેડ, હૅર ઑઈલ, કઈ કંપનીના યુઝ કરવાના એ નક્કી કરવામાં એડવર્ડટાઈઝમેન્ટ્સના કારણે તકલીફ તો પડવાનાં જ!!" કુલકર્ણીજીએ પણ મૂંઝવણનું કારણ જણાવ્યું.

"અરે એમાં શું? જે વાપરવું હોય તે વાપરવાનું." રેડ અંકલ ઉવાચ.

"એમ નહીં, અંકલ પણ દરેકને થાય તો ખરૂં જ ને કે આપણએ કોઈ પણ ચીજ પાછળ પૈસા ખર્ચીએ છીએ તો એ બેસ્ટ જ હોય... એટલે જ અમુક વસ્તુ સલમાનખાન કહે છે કે વાપરવી કે શાહરૂખખાન જેની જાહેરાત કરે છે તે ખરીદવી." અમેય ચર્ચામાં ઝૂકાવતાં અમારૂં મંતવ્ય રજૂ કર્યું.

"લાલાકાકા..." પંચાલભાઈએ તમાકુ મિશ્રિત પીચકારીનો છંટકાવ કરતાં કહેવા માંડ્યું : "તમારે માથે ટાલ છે તે કયું હૅર ઑઈલ વાપરવું એ પ્રશ્ને તમારે મૂંઝવણ ન હોય..."

"શું?" પંચાલની મજાકથી છંછેડાઈ જતાં રેડ અંકલના મગજનું બોઈલર વરાળ કાઢવા માંડ્યું.

"કાકા, એના કહેવાનો મતલબ છે કે દરેક વ્યક્તિ કોઈને કોઈ વસ્તુમાં થોડું સમાધાન કરી લે એટલે એને એટલી મૂંઝવણ ઓછી પરંતુ જીવનમાં ઢગલાબંધ ચીજોની જરૂર પડે છે, એટલે મૂંઝવણ પણ ઢગલાબંધ રહેવાની જ." અમે અંકલને ઠંડા પાડવા વાત વાળી દીધી.

"હા... લાલાકાકા, અમારી જ વાત લો... રોજ રોજ શૅરબજારની રૂખ નો અભ્યાસ કરવાનો અને એ મુજબ કઈ કંપનીના શૅર લેવા ને કયા વેચી દેવા એની ભારે મૂંઝવણનો સામનો કરવો જ પડે છે..." શૅરબજારના રસિયા ગાંધીએ એણની દ્વિધાની ફરિયાદ કહી...

"હા... મને ય મૂંઝવણ સતાવતી હોય છે..."

"ખબર છે તારી મૂંઝવણ..." લાલાકાકાએ પંચાલની વાતને વચ્ચેથી જ કાપી નાખતાં કહ્યું : "તારો પ્રશ્ન એ જ હોય કે કંઈ છાપ ઝેર ખાવું? ખરૂં ને?"

"શું? ઝેર?"

"તો બીજું શું? ગુટખા - તમાકુ આપણા આરોગ્ય માટે ખતરનાક ઝેર સમાન છે ને તું કઈ બ્રાન્ડ ગુટખા-તમાકુ ખાવી તે નક્કી કરવાની મૂંઝવણ અનુભવતો હોઈશ, રાઈટ..."

"નૉ... રૉન્ગ..." પંચાલે પીચકારી મારી કહ્યું : "તમાકુ કઈ ખાવી તે મેં નક્કી કરી જ નાખ્યું છે એટલે એ બાબતમાં દ્વિધા રાખતો જ નથી... મારી મૂંઝવણ તો હોય છે કે કઈ ચા પીવી?"

"એમા શું ચિંતા કરવાની..."

"હા, અંકલ... તમારે તો એય મૂંઝવણ નહીં!!" લાલાકાકા એમની વાત પુરી કરે તે પહેલાં જ દરજીભાઈ બોલી ઊઠ્યા : "તમારે તો રોજ સવારે પનુભાઈ બ્રાન્ડ ટી જ પીવાની હોય છે ને!!"

એ સાંભળી પહેલાં તો રેડ અંકલ ગુસ્સાથી લાલપીળા થઈને પોતાની પૂળા જેવી મૂછો ચાવવા લાગ્યા અને પછી બોલ્યા : "હા... મારે માટે તો દરેક ચીજમાં મફતિયાં મળે એ બ્રાન્ડ બેસ્ટ... કોઈ દ્વિધા મૂંઝવણ જ નહીં... હવે કહેવું છે કંઈ?"

અંકલની આવી નફટાઈનો કોઈ શું જવાબ આપે?